सत्यमेव जयते

| ફાઈલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૦૯/૨૦૨૬**

**આંક : – ૦૬**

**અરજદાર/આરોપી :– પટેલ શબ્બીર ગુલામ પોપલા,**
રહે. માઈલો લીમડો, જંબુસર, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એમ. કયુ. વોરા
સરકારશ્રી તરફે વિ. સ્પે. એ.પી.પી.શ્રી કે. એન. ચાવડા

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી જંબુસર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૭૨૬૦૧૭૮/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૩૨૫ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫, ૬(બી)(૧), ૮(૧)(૨)(૩)(૪), ૧૦ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ–૧૧(૧) મુજબના ગુનાની ફરીયાદ ફરીયાદીએ આપેલ હોય સદર ગુનાના આરોપસર

અરજદાર/આરોપીની સંભવીત ધરપકડ થાય તેમ હોય હાલની આગોતરા જામીન ઉપર મુકત કરવા હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ. સ્પે. એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું, આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની જામીન અનુરૂપ મુખ્યત્વે એવી દલીલ છે કે, આરોપી કાયદાનું પાલન કરનાર સીટીઝન છે, આરોપી નિર્દોષ છે, ગુનામાં કોઈપણ રીતે સંકળાયેલા નથી, એફ.આઈ.આર.માં જણાવેલ વાહન આરોપીનાં નામે નથી તેમજ આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નથી કે આરોપીનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી. વધુમાં દલીલ છે કે, સહ–આરોપીનાં નિવેદનના આધારે હાલનાં અરજદાર/આરોપીનું નામ ખુલેલુ છે. આરોપીએ કહેવાતો ગુનો કરેલો નથી કે ગુનામાં સંકળાયેલા નથી, પરંતુ ખોટી રીતે ગુનામાં સાંકળવામાં આવેલ છે. વધુમાં દલીલ છે કે, ત.ક.અધિકારીશ્રીએ કોઈપણ પ્રકારનાં સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલા નથી કે આરોપીને ગુનામાં સાંકળવા માટેના કોઈ પુરાવા મેળવેલા નથી. આરોપી સ્થાનીક રહીશ છે, નાસી ભાગી જાય તેમ નથી અને નામ. કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે તેમજ ત.ક.અધિકારીને તપાસમાં સાથ સહકાર આપવા તૈયાર છે, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઈ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ કામનાં આરોપીઓએ તથા તપાસમાં નિકળે તેઓએ ગેરકાયદેસર રીતે પ્રતિબંધીત ગૌ–વંશની કતલ કરી તથા ગૌ–વંશનું માંસ અન્ય આરોપીઓને વેચવાનાં ઈરાદે, ગૌ–માંસ પ્રતિબંધીત હોવાનું જાણવા છતા પોતાનાં અંગત ફાયદા સારૂ કુલ–૧૩૫ કિ.ગ્રા. ગૌ–માંસ સાથે પકડાયેલ છે. વધુમાં દલીલ છે કે, હાલનાં અરજદાર/આરોપીએ

ગાય કતલ કરી ગૌ–માંસ વેચી રૂપિયા કમાવવાનાં એકબીજાની મદદગારી કરતા સહ–આરોપીનાં ઘરની ઓસરીમાં ગૌ–વંશ કતલ કરી ૧૩૫ કિ.ગ્રા. જેટલો જંગી માંસનો જથ્થો મુકી પોલીસની રેઇડ જોઇ ભાગી ગયેલ છે, જે પ્રથમદર્શનીય પુરાવો હોય આરોપીનાં આગોતરા જામીન નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, હાલનાં અરજદાર/આરોપી હાલમાં ભાગતા ફરતા હોય આગોતરા જામીન આપવામાં આવશે તો નામ. કોર્ટમાં હાજર રહેશે કે કેમ ? તેવી શકયતા જણાતી નથી તેમજ આગોતરા જામીન આપવામાં આવે તો આરોપી ફરીથી આવી પ્રવૃતિ ચાલુ રાખે અને જેનાં કારણે આગામી રામનવમી અને ચૈત્ર માસ જેવા હિન્દુ ધર્મનાં પવિત્ર તહેવાર આવતા હોય હિન્દુ–મુસ્લીમ વચ્ચે કોની બનાવો બને અને તે બનાવ સમગ્ર જિલ્લામાં પ્રસરે તે વાત નકારી શકાય તેમ નથી તેમજ આરોપી ગામ માટે, રાજય, દેશ તથા કાયદો અને વ્યવસ્થા માટે ખતરારૂપ છે અને આગોતરા જામીન આપવામાં આવે તો આરોપીની આવી માનસીકતાને વેગ મળી રહે તેમ છે અને ફરીથી આવા ગુનાઓ કરે તેવી શકયતાઓ રહેલી છે, જેથી આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, તપાસ હાલમાં ખુબ જ નાજુક તબકકામાં છે તેમજ અરજદાર/આરોપીએ પોતે આ ગુનો કરવામાં એક ઇકકો ગાડી વાપરેલ છે જે પણ કબજે કરવાની બાકી છે અને આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય જેથી આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, એફ.આઇ.આર. જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપી શબ્બીર ગુલામ પોપલાનાઓ આરોપી નં. ૫ તરીકે છે. વધુમાં એફ.આઇ.આર. જોતા, આરોપી નં. ૧ થી ૫ નાઓએ ગેરકાયદેસ રીતે પ્રતિબંધીત ગૌ–વંશની કતલ કરી તથા ગૌ–વંશનું માંસ અન્ય આરોપીઓને વહેંચવાનાં ઇરાદે ગૌ–માંસ પ્રતિબંધીત હોવાનું

જાણવા છતા પોતાનાં અંગત ફાયદા સારૂ કુલ–૧૩૫ કિલોગ્રામ ગૌ–માંસ કિં. રૂા. ૧૩,૫૦૦/– ઘરમાં રાખી એકબીજાની મદદગારી કરી તથા રેઇડ દરમ્યાન ભાગી જઇ ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં એફ.આઇ.આર. મુજબ પોલીસને બાતમી મળેલ કે, જંબુસર ખારા કુવા મસ્જીદ પાસે પાંચ હાટડી ખાતે રહેતો મોહંમદ જાવીદ ઉર્ફે જાબીર ઇસ્માઇલ કુરેશીનાઓ રહેણાંક મકાનમાં ગૌ–માંસનું કટીંગ કરી રહેલ છે, જેથી પંચો સાથે આ સ્થળે રેઇડ કરતા મકાનનાં આગળનાં ભાગે ઓસરીમાં પશુ માંસનાં બે ઢગલા કરેલ હતા તેમજ પશુંનું ચામડુ, શીંગડા તથા મોઢાનાં ભાગ પડેલ હતા તેમજ લાકડાની મોટી ડાગળીઓ, વજનકાંટા, ઇલેકટ્રોનીક કાંટો, છાબડા, લાકડાના હાથાવાળો કુહાડો, એક–એક કિલોનાં લોખંડનાં વજનીયા, લોખંડનાં કોયતા, લોખંડનાં હાથાવાળા છરા નંગ–૫, પ્લાસ્ટીકના હાથાવાળો લોખંડનો સળીયો, પશુને મોંઢે બાંધવાનો મોરડો તથા પ્લાસ્ટીકની પાઇપ મળી આવેલ અને રેઇડ દરમ્યાન આરોપી મોહંમદ જાવીદ ઉર્ફે જાબીર કુરેશી સ્થળ ઉપરથી ભાગી ગયેલ, જયારે તેનાં બે ભાઇઓ સહ–આરોપી મહંમદ સફી ઈસ્માઇલ તથા મહંમદ હનીફ ઇસ્માઇલ બન્ને સ્થળ ઉપર પકડાઇ ગયેલ અને તેઓની પુછપરછ કરતા મહંમદ જાવીદ ઉર્ફે જાબીર તથા હાલનાં અરજદાર/આરોપી શબ્બીર ગુલામ પોપલાનાઓ રીક્ષા લઇને આવેલા અને તેઓને ઉંઘમાંથી જગાડી રીક્ષામાંથી સામાન ઉતારવા જણાવતા તેમાં માંસનાં કોથળા ભરેલ હતા, જે કોથળા ચારેય જણાએ થઇને ઉતારેલા અને કોથળામાંથી માંસ બહાર કાઢી ઓસરીમાં ઢગલા કરેલ અને તેમની બહેન ખાતુન ઇસ્માઇલ કુરેશીનાઓ પાણીની પાઇપ વડે ઓસરીમાં પડેલ લોહી તથા માંસનાં ટુકડાને સાફ કરતી હતી અને હાલનાં અરજદાર/આરોપી શબ્બીર ગુલામ પોપલા તથા અન્ય આરોપી મહંમદ જાવીદ ઇસ્માઇલ કુરેશી રીક્ષા લઇને ભાગી ગયેલ તેવી હકીકતો સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, એફ.આઇ.આર.ની હકીકતો જોતા, હાલનાં અરજદાર/આરોપીનુ નામ એફ.આઇ.આર.માં છે તેમજ આરોપીનો

રોલ પણ સ્પષ્ટપણે દર્શાવેલો છે. વધુમાં પોલીસે બનાવવાળી જગ્યાનાં ફોટોગ્રાફસ લીધેલા છે તથા બનાવવાળી જગ્યાનો વિડીયો ઉતારી પેનડ્રાઈવ તૈયાર કરવામાં આવેલ છે તેમ સ્પષ્ટ થાય છે. વધુમાં પોલીસે આ ગુનાના આરોપીઓનાં નિવેદનો પણ લીધેલા છે અને જેમાં આરોપીનો સ્પષ્ટપણે ગુનામાં રોલ જણાય આવે છે. આમ, હાલનાં અરજદાર/આરોપીનો ગુનામાં રોલ હોય અને એફ.આઈ.આર.માં સ્પષ્ટપણે જણાવેલ હોય અને એફ.આઈ.આર.માં તેઓનું નામ હોય આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે, તે સંજોગોમાં આવા ગંભીર પ્રકારનાં ગુનામાં આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં પોલીસ રીપોર્ટ મુજબ આ ગુનાના અન્ય સહ–આરોપી સામે પણ આવા પ્રકારનાં ગુના નોંધાયેલા છે અને પોલીસ પેપર્સમાં તેની એફ.આઈ.આર. પણ રજુ કરેલ છે તેમજ એફીડેવીટનાં કોલમ નં. ૩૦ માં સ્પષ્ટપણે દર્શાવેલ છે કે, આ ગુનાના આરોપી નં. ૧ થી ૪ સગા ભાઈ–બહેન થાય છે અને તેઓની સામે પણ આવા પ્રકારનો અગાઉ ગુનો નોંધાયેલ છે. આમ, આ ગુનાના સહ–આરોપીઓ સામે પણ આવા પ્રકારનાં અગાઉ ગુના નોંધાયેલ હોય ત્યારે ગંભીર પ્રકારનાં ગુનામાં આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી. વધુમાં બનાવ બાદ હાલનાં અરજદાર/આરોપી બનાવ સ્થળ ઉપરથી ભાગી ગયેલા છે, ત્યારે આરોપીનાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની પણ આવશ્યકતા હોવાનું જણાય છે, ત્યારે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ આરોપી સામેનાં ગુનાની ગંભીરતા તથા અન્ય સહ–આરોપી સામે આવા પ્રકારનાં ગુના નોંધાયેલ હોવાની હકીકત તથા આરોપીનાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા હોવાનું જણાતું હોય તેમજ અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં નામ છે, તે તમામ હકીકતો

તથા સંજોગો જોતા આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા જણાતું ન હોય, હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **પટેલ શબ્બીર ગુલામ પોપલા,** રહે. માઈલો લીમડો, જંબુસર, ભરૂચનાઓની જંબુસર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૭૨૬૦૧૭૮/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૩૨૫ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫, ૬(બી)(૧), ૮(૧)(૨)(૩)(૪), ૧૦ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ–૧૧(૧) મુજબના કામે આગોતરા જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC